# College activities in Media

## ( Gujarati Print Media Coverage)



### ઝાલોડા ગામે આયોજિત એન.એસ.એસ. શિબિરમાં મેડિકલ કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું

તસવીર-અહેવાલ : કમલેશભાઈ રાવલ

(બનાસ ગૌરવ) તા.૧૧ ■ શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન.આર્ટસ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ કડીના એન.એસ.એસ. યુનિટ દ્વારા યોજાયેલ વાર્ષિક શિબિરમાં સમાજ ઉપયોગી અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. તે સંદર્ભે રોટરી કલબ કડીના સહયોગથી હેલ્થ ચેકઅપ કેમ્પનું નું આયોજન તા.૮/૧/૨૩ ને રવિવારે કરવામાં આવ્યું હતું. તેમાં રોટરી કલબ કડીના શ્રી અજય ખાવડ તથા રોટરી કલબ સાથે સંકળાયેલ ડૉ.આનંદ પટેલ(જનરલ સર્જન) ડૉ.ભાવેશ પટેલ ( દાંતના સર્જન), ડૉ. બી.એસ.પટેલ(આંખના સર્જન) - તેમની અમૂલ્ય સેવાઓ આપી હતી. જેમાં બસ્સો ઉપરાંત દર્દીઓને તપાસીને તેમને દવાઓ અને સારવાર તદ્દન ફ્રી માં આપવામાં આવી હતી. ૩૧ જેટલા આંખના દર્દીઓને રોટરી કલબ તરફથી ચશ્મા કાઢી ફ્રી માં આપવામાં આવ્યા હતા. સરપંચ તથા ગામના વડીલોએ રોટરી કલબ અને ડોકટરોની સેવાઓ ને બિરદાવી હતી.



3

### સી.એન.આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ દ્વારા ધાબળા વિતરણ કરવામાં આવ્યા

તસવીર-અહેવાલ : કમલેશભાઈ રાવલ

(બનાસ ગૌરવ) તા.૧૨ ■ શ્રી એમ. પી.શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.એન.આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ કડીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા ફાળો એકત્રીત કરીને ગરીબ પરિવારો ઠંડીમાં હૂંફ મેળવી શકે તે માટે ધાબળા ખરીદીને વહેંચવામાં આવ્યા. પ્રિ. ડૉ. જી.ડી.ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ ડૉ જી.સી.સોઢા, શ્રી રણધીરભાઈ આચાર્ય તથા જીતુભાઈ પટેલ અને સર્વ સ્ટાફના સહયોગથી આ કામગીરી કરવામાં આવી.

નાઉજવણી કરાઇ હતા. આ પ્રસંગ જન્મજયંતિ ઉજવાઇ હતા.

# સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કૉલેજમાં જ્ઞાનજ્યોત -૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું



તસવીર-અહેવાલ : કમલેશભાઈ રાવલ

**(બનાસ ગૌરવ) તા.૧૨**

■ શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજમાં દર વર્ષની જેમ જ્ઞાનજ્યોત સ્પર્ધાનું આયોજન તા.૧૨/૧/૨૩ ને ગુરુવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં શાળા કક્ષાએ એમ.સી. કયુ ટેસ્ટમાં પ્રથમ ત્રણ આવેલ સ્પર્ધકને બીજા રાઉન્ડ માટે કૉલેજમાં ટેસ્ટ લેવાઈ. ત્યારબાદ ફાઈનલ રાઉન્ડમાં વિજેતા બનેલ છ ટીમો વચ્ચે કૉલેજમાં એ.સી. હોલમાં સ્પર્ધા યોજાઈ જેમાં જુદા જુદા ચાર રાઉન્ડમાં સ્પર્ધા યોજાઈ.અંતે પ્રથમ ક્રમે શ્રીમતી એમ.સી.પટેલ સિદ્ધેશ્વરી વિદ્યાલય, સરસાવની ટીમ.દ્વિતીય ક્રમે શેઠ એલ.વી.એન્ડ કે.વી.ભાવસાર વિદ્યામંદિર,દેત્રોજની ટીમ.તૃતીય ક્રમે જૂની આદર્શ વિદ્યાલય,દેત્રોજ રોડ,કડીની ટીમો વિજેતા બની હતી. પ્રિ.જી.ડી.ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્પર્ધાનું આયોજન ડૉ.ચિરાગ ધંધુકિયા અને અન્ય અધ્યાપક મિત્રોએ કર્યું હતું. આ પ્રસંગે શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટીના મંત્રી શેઠશ્રી નલીનભાઈ શાહ તથા કારોબારી સભ્યશ્રી જયદીપભાઈ બ્રહ્મભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિજેતા વિદ્યાર્થીઓને શિલ્ડ અને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કર્યા હતા.

એન્કર તરીકે ડૉ.પી.ડી.રાવલ અને પ્રો.દીપા કંડોઈએ સુંદર કામગીરી બજાવી હતી. સ્કોરર તરીકે ડૉ.એચ.ડી.પવારે ભૂમિકા ભજવી હતી.

# સી. એન.આર્ટસ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ કડીના એન.એસ.એસ.ના વાર્ષિક શિબિરનો સમાપન સમારંભ ઝાલોડા ગામે યોજાયો




તસવીર-અહેવાલ : કમલેશભાઈ રાવલ



**(બનાસ ગૌરવ) તા.૧૦**

■ શ્રી એમ .પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી. એન.આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ કડીના રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત આયોજીત વાર્ષિક શિબિર નો સમાપન સમારંભ તા.૯/૧/૨૦૨૩ ના રોજ ઝાલોડા મુકામે સરપંચશ્રી માલાજી ઠાકોરના પ્રમુખ સ્થાને યોજાઈ ગયો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટીના મંત્રી શેઠશ્રી નલીનભાઈ શાહ, કારોબારી સભ્યો શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી રાજુલભાઈ પરીખ, શ્રી રાજેન્દ્રકુમાર નાયક, ગામના વડીલો, પ્રાથમિક શાળાનો પરિવાર તથા અધ્યાપક મિત્રો હાજર રહ્યા હતા. પ્રિ. ડૉ.જી.ડી.ત્રિપાઠીએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી પાલીબેન ગાંવિતે શિબિરનો સાત દિવસીય અહેવાલ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ.ચિરાગ ધંધુકિયાએ કર્યું હતું. આભાર દર્શન પાલીબેન ગાંવિત દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રમાદ કર્યો હતો.

## કડીમાં કોલેજમાં યુજીસીસીપીઈ અનુદાનિત નેશનલ સેમિનાર યોજાયો



કડીની સી.એન આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજમાં 'ભારતની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ભૂમિકા' વિષય ઉપર નેશનલ સેમિનાર યોજાઇ ગયો. સેમિનારમાં રજૂ થયેલા શોધપત્રોને સંપાદિત કરીને તૈયાર થયેલ ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું. ગુજરાતની જુદી જુદી કોલેજોમાંથી ૧૨૦ ઉપરાંત પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કડીની સી.એન.આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળનો કાર્યક્રમ



કડી| કડીની એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.એન.આર્ટસ એન્ડ બી.ડી.કોમર્સનુ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ છેલ્લા બારેક વર્ષથી કાર્યરત છે. દર વર્ષની જેમ આ વર્ષે મંડળનો વાર્ષિક કાર્યક્રમ બુધવારે કોલેજ હોલમા ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના પ્રમુખ જશવંતભાઈ કંદોઈના પ્રમુખસ્થાને યોજાયો હતો.કાર્યક્રમના મુખ્ય મહેમાન અને ઉદ્‌ઘાટક તરીકે એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટીના કારોબારી સભ્ય બેલાબેન નલિનભાઈ શાહ તેમજ અતિથિ વિશેષ તરીકે એડવોકેટ જયદીપભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.કોલેજના પ્રિ. ડૉ.જી.ડી.ત્રિપાઠીએ ઉપસ્થિત સર્વેને આવકાર્યા હતા.કાર્યક્રમનું સંચાલન ડૉ.ચિરાગ ધંધુકિયાએ આભાર દર્શન ડૉ.જી.સી.સોઢાએ કર્યું હતું.

# સી.એન.આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ, કડીના રાષ્ટ્રીય સેવા યોજનાના વાર્ષિક શિબિરનો ઝાલોડા ગામે આરંભ થયો



તસવીર-અહેવાલ : કમલેશભાઈ રાવલ

**(બનાસ ગૌરવ) તા.૪**

■ શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન.આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ , કડીના રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) નો વાર્ષિક શિબિરનો આરંભ તા.૩/૧/૨૦૨૩ થી ૯/૧/૨૦૨૩ સુધી કડી તાલુકાના ઝાલોડા ગામે યોજાયો છે.તેનો ઉદ્ઘાટન કાર્યક્રમ એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટીના મંત્રી શ્રી અશ્વિનભાઈ પરીખના પ્રમુખસ્થાને યોજાઈ ગયો. ઝાલોડા ગામના સરપંચ દ્વારા કેમ્પનું દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. પ્રિ.ડૉ.જી.ડી.ત્રિપાઠીએ સમારંભમાં ઉપસ્થિત સર્વે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. પ્રો.ઓફિસર શ્રીમતી પી.એલ.ગાંવિત દ્વારા એન. એસ.એસ. ની પ્રવૃત્તિઓ ની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી.કોલેજ પરિવાર, ગામની સહકારી સંસ્થાઓ ના સંચાલકો,ગામના અગ્રણીઓ તથા પ્રાથમિક શાળા, ઝાલોડાનો પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.જે.એમ. ચાવડા અને આભાર[illegible] સી.સોઢાએ કર્યું હતું[illegible]

---

સુધી બાઈક રેલીનું આયોજન કરવામાં હતા. પ્રયત્ન કરવા માટે આહવાન કર્યું હતુ.

# સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજમાં યુનિવર્સિટી કક્ષાની વ્યાખ્યાનમાળા યોજાઇ



**(બનાસ ગૌરવ) તા.૨૬**

■ શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન.આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ કડીમાં તા.૨૬/૧૧/૨૦૨૨ ના રોજ 'રીસર્ચ પ્રપોઝલ કંઈ રીતે તૈયાર કરશો ?' વિષય ઉપર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણના સંયુકત ઉપક્રમે, ડૉ.અશ્વિન મોદી (મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ,હેમ. ઉ.ગુ. યુનિ.પાટણ) નું વ્યાખ્યાન યોજાઈ ગયું.સમારંભના અધ્યક્ષ તરીકે શેઠશ્રી નલીનભાઈ શાહ (મંત્રીશ્રી, એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી) ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના પ્રિ. ડૉ.જી.ડી.ત્રિપાઠીએ મહેમાનોને આવકાર્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન વા.પ્રિ.ડૉ. જે.એમ ચાવડાએ તથા આભારદર્શન પ્રો.કો.ઑ. ડૉ.જી.સી.સોઢાએ કર્યું હતું. એમ .એ./ એમ.કોમના ૫૦ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.



# ન્યુઝ ઇન બ્રીફ

## કડી કોલેજમાં રાસ ગરબાનું આયોજન કરાયું

એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન.આર્ટસ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજમાં આસો સુદ નોમના દિવસે સવારે વિદ્યાર્થીઓ માટે સાંસ્કૃતિક સમિતિ અને ભૂતપૂર્વ વિદ્યાથી મંડળ દ્વારા રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાથી ભાઈ બહેનોએ રાસ ગરબા ને મન મુકીને ઉત્સાહથી માણ્યા હતા.



હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ પટેલની ટીમ, કોર્પોરેટર શ્રી શૈલેષભાઈ ઓ એ મોટી સંખ્યા માં લાભ લીધો.

## સી.એન.આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ કડીમાં 'રાષ્ટ્રીય સેવા યોજના દિવસ' (એન.એસ.એસ. ડે)ની ઉજવણી કરવામાં આવી

તસવીર-અહેવાલ : કમલેશભાઈ રાવલ

(બનાસ ગૌરવ) તા.૨૪

■ શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન. આર્ટસ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ કડીના યજમાનપદે હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના સહયોગથી ' રાષ્ટ્રીય સેવા યોજના દિવસ ' (એન.એસ.એસ. ડે) ની ઉજવણી પ્રસંગે ઉદઘાટક તરીકે શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડીના ઉપપ્રમુખ શ્રી ડૉ.શ્રી રજનીકાંતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. સોસાયટીના મંત્રી શેઠશ્રી નલીનભાઈ શાહે પ્રમુખ સ્થાન શોભાવ્યું હતું.આ પ્રસંગે સોસાયટીના કારોબારીસભ્યો શ્રી જયદિપભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી અબ્દુલભાઈ દલાલ, શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી રાજેન્દ્રકુમાર નાયક ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ભગિની સંસ્થાના આચાર્યશ્રીઓ તથા હેમ. ઉત્તર ગુજરાત યુનિ.સંલગ્ન ૩૫ જેટલી કોલેજોમાંથી ૧૦૦ ઉપરાંત એન.એસ.એસ. સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. સભાખંડમાં ઉપસ્થિત સર્વે મહેમાનશ્રીઓનું કોલેજના પ્રિ.ડૉ.જી.ડી.ત્રિપાઠીએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે તજજ્ઞ વક્તા તરીકે શ્રી મયંકભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી, શ્રી ડી.જે.કન્યા વિદ્યાલય,નાનીકડી) શ્રી અંકુર ભાઈ દરજી તથા શ્રી અજયભાઈ ખાવડે મનનીય પ્રવચન આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.જે.એમ.ચાવડાએ તથા આભારદર્શન ડૉ.જી.સી.સોઢાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિ.ડૉ.જી.ડી.ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. પાલીબેન ગાંવિત દ્વારા સમગ્ર સ્ટાફના સહયોગથી સફળતા પૂર્વક પૂર્ણ થયું હતું.

દિવ્ય ભાસ્કર મહેસાણા પુલઆઉટ 25-09-2022

## કડીમાં રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઊજવણી



કડી | કડીની સી.એન.આર્ટસ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજના યજમાન પદે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઊજવણી શનિવારે કરાઈ હતી. જેમાં એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખ ડૉ. રજનીકાંતભાઈ શાહ, મંત્રી નલીનભાઈ શાહ, કારોબારીસભ્યો જયદિપભાઈ બ્રહ્મભટ્ટ, અબ્દુલભાઈ દલાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉ.ગુ. યુનિ.સંલગ્ન 35 કોલેજોમાંથી 100 જેટલા એનએસએસ સ્વયંસેવકો હાજર રહ્યા હતા. કોલેજના પ્રિ. ડૉ.જી.ડી. ત્રિપાઠીએ સ્વાગત કર્યું હતું. તજજ્ઞ વક્તા મયંકભાઈ પટેલ, અજયભાઈ ખાવડે પ્રવચન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ.જે.એમ.ચાવડાએ તથા આભારદર્શન ડૉ.જી.સી.સોઢાએ કર્યું હતું. પ્રોગ્રામ ઓફિસર પ્રો.પાલીબેન ગાંવિતે સંકલન કર્યું હતું.

## કડીની સી.એન.આટ્ર્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજનો વિદ્યાર્થીઓનો યુનિ.યુથ ફેસ્ટિવલમાં ઉત્કૃષ્ટ દેખાવ



કડી | કડીની એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.એન આટ્ર્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજની સાંસ્કૃતિક ટીમે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ યુનિ. કેમ્પસમાં આયોજિત ૩૩ મા યુથ ફેસ્ટિવલ - કલ્પવૃક્ષ -૨૨ માં, પાંચ ઈવેન્ટમાં ભાગ લીધો હતો.જેમાં એમ.કોમ.સેમ.૧ નો વિદ્યાર્થી પ્રકાશ પરમાર રંગોલી સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંકે તથા બી.એ નો વિધાર્થી ગૌરાંગ પટેલ સ્પોટ ફોટોગ્રાફી સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવીને કૉલેજ તથા સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટીના મંત્રી નલિનભાઈ શાહ તથા કોલેજના પ્રિ.ડૉ.જી.ડી. ત્રિપાઠી અને કોલેજની સાંસ્કૃતિક ટીમે વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

## સરસ્વતી વિદ્યાલયમાં યોગા કાર્યક્રમ યોજાયો

સિદ્ધપુર, કલોલ મહેસાણા અને અમદાવાદના ડાન્સરો વિજેતા બન્યા હતા.

## કડી કોલેજની વિદ્યાથીનીઓની ૩૬ મા નેશનલ ગેમ્સમાં પસંદગી



એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ કડી સંચાલિત સી.એન આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ કડીની બે વિદ્યાથીનીઓ કુ.અલકા ઠાકોર અને નિશા બાવા ની ૩૬ મા નેશનલ ગેમ્સ પ્રિ.નેશનલ કેમ્પ ઓફ જીમનેશિયમ માટે સિલેશન થયું છે. બંને વિદ્યાથીનીઓ હાલ છોટુભાઈ પુરાણી ડિગ્રી કોલેજ રાજપીપળામાં રહીને મોટા ફોફલિયા જી.વડોદરા ખાતે ટ્રેનીંગ કેમ્પમાં કોચ વિનીતા મંડોવારા પાસે ટ્રેનીંગ લઈ રહી છે.

## કડી કોલેજમાં પ્લેસમેન્ટ કેમ્પ યોજાઇ ગયો



એમ પી શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સીએન આર્ટ્સ એન્ડ બીડી કોમર્સ કોલેજમાં કાર્યરત 'પ્લેસમેન્ટ સેલ ' કેમ્પનું આયોજન કર્યું હતું. જેમાં વિવિધ કંપનીઓ જોડાતાં કાત્તેજના બીએ, બીકોમ સેમ તથા એમએ,એમકોમના ૨૦૦ ઉપરાંત નોકરી વાંછુક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

દિવ્ય ભાસ્કર

મહેસાણા પુલઆઉટ 06-09-2022

# કડીની કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી કરાઇ



કડી : એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન.આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ મા 5 મી સપ્ટેમ્બરે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી.જેમાં બી.એ.બી.કોમના સેમ.1 થી સેમ.5 ના કુલ 80 જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા નિભાવી વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરાવ્યું હતુ.બી.એ.સેમ.5ના વિદ્યાર્થી વેદ પટેલે પ્રિન્સિપાલની ભૂમિકા નિભાવી હતી.વા.પ્રિન્સિપાલ તરીકે નિશા લક્ષકારે ભૂમિકા ભજવી હતી. કોલેજના પ્રિન્સીપાલ ડૉ.જી.ડી.ત્રિપાઠી એ એક દિવસીય સર્વ અધ્યાપકોને બિરદાવ્યા હતા.

દિવ્ય ભાસ્કર
મહેસાણા પુલઆઉટ 02-08-2022

# કડીમાં NSS અને NCCના છાત્રો દ્વારા વૃક્ષારોપણ



કડી | કડીની સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજમાં NSS અને NCCના વિધાર્થીઓ તેમજ NGOના સંયુક્ત ઉપક્રમે સોમવારે કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પાલિકાની કારોબારી સમિતિના અધ્યક્ષ નીતિનભાઈ પટેલ, એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટીના મંત્રી નલિનભાઈ શાહ, તેમનાં પત્ની બેલાબેન શાહ તેમજ કોલેજના પ્રિ. ડૉ.જી.ડી. ત્રિપાઠીએ વૃક્ષારોપણ કર્યું હતું.

(બનાસ ગૌરવ, કાંકરેજ) તા.૧

■ ગુજરાતમાં ગુણવત્તા યુક્ત શિક્ષણની સાથે મૂલ્યવર્ધી શિક્ષણ મા સૌથી શ્રેષ્ઠ શાળા બને એના માટે છેલ્લા ઘણા સમયથી સણીયાલીપુરા પ્રા. શાળાના શિક્ષક મિત્રો અને એસ એમ સી પરિવાર પ્રયત્નો કરી રહ્યા છે. એમની મહેનથી શાળામાં ચાર રૂમ અને ડાઈનિંગ હોલ મંજુર થતા આજે શાળામાં ચાર રૂમનું ખાદ મુહર્ત રાખવામાં આવ્યો હતો. શાળામાં ચાર રૂમ મંજુર થતા શાળાના મદદનિશ શિક્ષક અણદાભાઈ જાટે પ્રતિક્રિયા આપતાં કયું કે હવે અમારી શાળાના બાળકોને જાડ નીચે ખુલ્લામાં નહી બેશવું પડે અને સરકાર શ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. ચાર રૂમનું ખાદ મુહર્ત



ભાવેશભાઈ ચૌધરીના હાથે કરાવવામાં આવ્યો હતો. આજના પ્રસંગને વધુ સુંદર બનાવવા માટે ધુણસોલ ના જાણીતા પશુ ડોકટર ભાવેશભાઈ ચૌધરી તરફથી શાળાના બાળકો અને ગ્રામજનો માટે ભાવ ભોજન રાખવામાં આવ્યો હતો... આજના પ્રસંગે શાળાના બાળકોને શિરો, પુરી શાક, દાળભાત અને છાસ નું ભાવ ભોજન આપવામાં આવ્યું હતું. આજના પ્રસંગે જદ્દષ્ઠ પરિવાર અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ કડીમાં પ્રેમચંદ જયંતી ઉજવાઈ



તસવીર-અહેવાલ : કમલેશભાઈ રાવલ

(બનાસ ગૌરવ, કડી) તા.૧

■ શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.એન.આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજમાં હિન્દી વિભાગના ઉપક્રમે હિન્દી સાહિત્યના જાણીતા સર્જક મુનશી પ્રેમચંદની જન્મજયંતિ નિમિત્તે દહેગામ કોલેજના ઈન્ચાર્જ પ્રિ.અને હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ.પ્રકાશ મિશ્રાનું વ્યાખ્યાન યોજાઈ ગયું.

કોલેજના પ્રિ. ડૉ.જી.ડી. ત્રિપાઠીએ મહેમાનોનું શાબ્દિક અને પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ.પારસ ચૌધરીએ કર્યુ હતું.

## સી.એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. અને એન.સી.સી. યુનિટ ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

(બનાસ ગૌરવ, કડી) તા.૧

■ શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ અને રોટરી કલબના ઉપક્રમે તા.૧/૮/૨૨ના રોજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે રોટરી કલબ કડીના હોદેદારો શ્રી ચિરાગભાઈ ઠાકર, શ્રી નીતિનભાઈ, શ્રીમતી બેલાબેન શાહ, શ્રી નલીનભાઈ શાહ તથા પ્રિ. ડૉ.જી.ડી. ત્રિપાઠી ઉપસ્થિત રહ્યા હતા. સર્વને હાથે કોલેજમાં વૃક્ષ વાવવામાં આવ્યા હતા. કોલેજના



તસવીર-અહેવાલ : કમલેશભાઈ રાવલ

એન.એસ.એસ.ના સ્વયંસેવકો ઉત્સાહથી એમાં જોડાયા હતા.

## વડાલીની કંબોયા પ્રાથમિક શાળામાં સૈનિક દિવસની ઉજવણી કરવામાં આવી





12:12 77%

29-07-2022 Bana...

બાઈક ચાલકને પોતાની બાઈક ઉભી રાખી માનવતા બતાવી ઈસમને બાઈકની પાછળ બેસાડ્યો હતો.ત્યારે અચાનક જ અજાણ્યા ઈસમે બાઈક ચાલક ની

ટોળેટોળા ઉમટ્યાં હતાં. ઈડર પોલીસને જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી શકમંદને પકડી ઈડર પોલીસ સ્ટેશન લાવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજમાં ઓવરસિઝ એજ્યુકેશન વિષયે સેમિનાર યોજાયો



તસવીર-અહેવાલ : કમલેશભાઈ રાવલ

(બનાસ ગૌરવ, કડી) તા.૨૮

શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી.કોમર્સ કૉલેજ, કડીમાં તા.૨૭-૭-૨૨ ના રોજ ઓવરસીઝ એજ્યુકેશન ઉપર સેમિનાર યોજાઈ ગયો. આઈ.ડી.પી.એજ્યુકેશન અમદાવાદના સૈકત ભૌમિકભાઈ અને તેમની ટીમે વિદેશમાં ઉચ્ચ અભ્ય સંદર્ભે વિદ્યાર્થીઓને માહિતગાર ક હતા. કાર્યક્રમનું સંચાલન અને આભ દર્શન ડૉ.ચિરાગ ધંધુકિયાએ કર્યું હ પ્રિ. ડૉ.જી.ડી.ત્રિપાઠીના માર્ગદશ હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો.રવિ રંગવાની અને પ્રો.જીજ્ઞેશ પટેલે કર્યું હતું.

પંચાયત
એમ.
મહાનિ
બલરામ
વિજય
તા. પંચ
તાલુકા
મો
ફ
નટર
(બના
દેવમુ
કોશલ
કવાલો
વેકાસ
નેરજા
ઝાહેર
લી

# સી.એન.આર્ટસ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજમાં ઈનોવેશન ક્લબ અંતગર્ત મોટીવેશન વ્યાખ્યાન યોજાઈ ગયું




(બનાસ ગૌરવ, કડી) તા.૨૬ શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન.આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજમાં તા.૨૬/૭/૨૨ ના રોજ ઈનોવેશન ક્લબના અનુસંગે શ્રી ચેતન પટેલ ( સેક્રેટરી)સૃષ્ટિ - અમદાવાદ નું મોટીવેશન લેક્ચર યોજવામાં આવ્યું હતું. પ્રાર્થના અને દીપ પ્રાગટયથી કાર્યક્રમનો આરંભ થયો.કોલેજના પ્રિ.ડૉ.જી.ડી ત્રિપાઠીએ ઉપસ્થિત મહેમાનશ્રીનુ શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.ચિરાગ ધંધુકિયાએ અને આભારદર્શન ઈનોવેશન ક્લબના કોઑર્ડીનેટર ડૉ.જી.સી.સોઢાએ કર્યું હતું. કાર્યક્રમમાં ૨૫૦ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

## કડી કોલેજના વિદ્યાર્થીઓનો યુનિ. યુથ ફેસ્ટિવલમાં ઉત્કૃષ્ટ દેખાવ



એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજની સાંસ્કૃતિક ટીમે તા.૧૯,૨૦ અને ૨૧ દરમ્યાન હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ દ્વારા યુનિ. કેમ્પસમાં આયોજિત ૩૩ મા યુથ ફેસ્ટિવલ - કલ્પવૃક્ષ -૨૨ માં, પાંચ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં એમ.કોમ. સેમ.૧ નો વિદ્યાર્થી પ્રકાશ પરમાર રંગોળી સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંકે તથા બી.એ ના વિદ્યાર્થી ગૌરાંગ પટેલ સ્પોટ ફોટોગ્રાફી સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવીને કોલેજ તથા સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

---

અને અનુસ્નાતક કક્ષાએ ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યા હતા.

## કડી કોલેજમાં મોટીવેશન વ્યાખ્યાન



એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન.આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજમાં તા.૨૬/૭/૨૨ ના રોજ ઈનોવેશન ક્લબના અનુસંગે ચેતન પટેલ ( સેક્રેટરી)સૃષ્ટિ - અમદાવાદનું .મોટીવેશન લેક્ચર યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૨૫૦ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

## ડીસામાં દશામાંની માટીની મૂ તઓને આખરી ઓપ

# સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ કડીમાં વિદાય સમારંભ અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો








(બનાસ ગૌરવ, કડી) તા.૩૧ શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજમાં તા.૩૧/૩/૨૨ ના રોજ બી.એ./ બી.કોમ. સેમ.૬ અને અને એમ.એ./એમ.કોમ ૪ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ એમ.પી.શાહ એજયુકેશન સોસાયટીના મંત્રી શેઠશ્રી નલીનભાઈ શાહના પ્રમુખ સ્થાને યોજાઈ ગયો. પ્રાર્થનાના મધુર ગાનથી કાર્યક્રમનો આરંભ થયો. ઉપસ્થિત મહેમાનોનું પ્રિ. ડૉ.જી. ડી.ત્રિપાઠીએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું હતું મુખ્ય મહેમાન તરીકે અમદાવાદથી શ્રી એમ.પી.શાહ એજયુકેશનના મંત્રી દેવાંગભાઈ દેસાઈ તથા શ્રી નિર્મલ અગ્રવાલ, શ્રીમતી પૂંજાબેન અગ્રવાલ,મનીષા સુભાષજી અગ્રવાલ ઉપસ્થિત રહી હતાં. અતિથિ વિશેષ તરીકે શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટીના મંત્રીશ્રીઓ શ્રી જયદીપભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી રાજુલ ભાઈ પરીખ, શ્રી સુરેશભાઈ પટેલ શ્રીમતી બેલાબેન શાહ, શ્રીમતી પ્રીતિબેન દેસાઈ,શ્રી અબ્દુલભાઈ દલાલ, નિયામકશ્રી કમલેશભાઈ રાવલ,ભગિની સંસ્થાના પ્રિન્સિપાલશ્રીઓ શ્રીમતી હીનાબેન પટેલ, સુશીલાબેન ગોસ્વામી, શ્રી દીપકભાઈ પટેલ, મીતાબેન સુથાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનેશ્રીઓએ વિદાય લેતા વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી હતી. વર્ષ દરમ્યાન કોલેજ લેવલે, યુનિ. લેવલે શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ.જી.સી.સોઢાએ કોલેજ દ્વારા થયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.જે.એમ.ચાવડાએ કર્યું હતું. ડૉ.રમેશ પ્રજાપતિ અને રવિ રંગવાનીએ સંચાલનમાં સહયોગ આપ્યો હતો. કાર્યક્રમને અંતે ડૉ.ચિરાગ ધંધુકિયા એ આભાર દર્શન કર્યું હતું.